**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૭ ટકા

# દુન્યવી સ્પર્ધામાં ઉતરવા પુસ્તકિયું જ્ઞાન પુરતું નથી

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આયોજિત એચ.આર. સમિટમાં ઉદ્યોગ અને શિક્ષણને લગતા અનુભવો અને સિધ્ધાંતો વિશે વિસ્તૃત ચર્ચા કરાઈ

## ઉદ્યોગ અને શિક્ષક એકબીજાની સાથે કદમ મિલાવે છે : વલ્લભભાઈ પટેલ








ગાંધીનગર, તા.૨૭
કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા એચ.આર. સમીટ યોજાઈ હતી. જેમાં ૧૬૦થી વધુ કંપનીઓના વડાઓ તથા મુખ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બે પેનલમાં વિવિધ કંપનીઓના હોદેદારો દ્વારા સાથે મળીને ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચેના તફાવત અને ઔદ્યોગિક ક્રાંતિને લગતા અનુભવો, સિધ્ધાંતો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ, બાલાજી વેફર્સ રાજકોટના ચેરમેન ચંદુભાઈ પોપટભાઈ વિરાણી, ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનર લલિતભાઈ પાડલિયા તથા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે ઈન્ડસ્ટ્રી અને એજયુકેશન બંને એકબીજાની સાથે જ ચાલે છે. કડી સર્વ વિદ્યાલય છેલ્લા ૧૦૦ વર્ષથી કામ કરી રહ્યું છે. વિદ્યાર્થીઓનું હિત જ સંસ્થાનો ધ્યેય રહ્યો છે. આ કાર્યક્રમના આયોજન દ્વારા ઔદ્યોગિક સંસ્થાનો અને શિક્ષણ વચ્ચે રહેલી ખાઈને પૂરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

એજયુકેશન કમિશનર એલ.પી. પાડલિયાએ જણાવ્યું હતું કે હવે પહેલાની જેમ પુસ્તકિયું જ્ઞાન જ પુરતું નથી. પહેલા છોકરાઓએ પોતાની આજુબાજુ જ સ્પર્ધા કરવાની હતી હવે આખી દુનિયા સાથે સ્પર્ધા છે. છોકરાઓને એવી રીતે કેળવવાના છે કે તેઓ વધુ આગળ વધે. આ ઉપરાંત તેમણે સરકાર દ્વારા ઉપલબ્ધ વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી.

બાલાજી વેફર્સના ચેરમેન ચંદુભાઈ વિરાણીએ તેમની કાઠિયાવાડી શૈલીમાં જણાવ્યું હતું કે, મેં શરૂઆત બહુ નાના પાયેથી કરી હતી. મારી પાસે પુસ્તકિયું જ્ઞાન નથી પ્રેકટીકલ જ છે તો પણ હું આગળ વધ્યો. મુસીબતો ઘણી આવી પણ મારા મતે મુસીબત ગુરૂ જ્ઞાન આપવા માટે જ આવે છે. માણસ ભણે અને પૈસા કમાય એ સાથે તે એક સારો ઈન્સાન બને તે વધુ જરુરી છે. હું હંમેશા આ વાતને માનતો આવ્યો છું. તેમણે જણાવ્યું હતું કે ખેડૂત તેમની કંપનીનો પાયો છે. સફળતા અને નિષ્ફળતા વિશે પૂછતા તેમણે કહ્યું હતું કે સફળ બનવું અને સફળતા જાળવવી એ બંને અલગ બાબત છે.

આ ઉપરાંત બે પેનલમાં વિવિધ કંપનીઓના વડા અને મુખ્ય અધિકારીઓ ટીસીએસના એસોસિએટ વાઈસ પ્રેસિડન્ટ કૌશિક ચક્રવર્તી, સેરા સેનેટરીવેર લિમિટેડના વાઈસ પ્રેસિડન્ટ સંજય સુથાર, પિરામલ એન્ટરપ્રાઈઝસના ચીફ મેનેજર એચ.આર. હેમલ ગજ્જર, સિલ્વર ટચના આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડન્ટ આદર્શ પરીખ, શેખાણી ઈન્સ્ટ્રીઝના ડાયરેકટર કોમલ શેખાણી, પ્રોવેસ ફાર્મા નોલેજના નિષધિ સકસેના, ટાટા નેનો પ્લાન્ટસના પ્રદિપ્તા મોહંતિ, આઈબીએમના સુંદરી સૂર્યા, એકસેલ કોર્પ કેરના સીઈઓ ડૉ.નિર્મલ સહાય ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્લેસમેન્ટ ઓફિસર ડૉ. તરૂણ પટેલ, બીબીએ કોલેજના પ્રોફેસર જયેશ તન્ના, પરીક્ષા નિયામક પી.કે. શાહ, એમ.બી.એ. ડિપાર્ટમેન્ટના ડાયરેકટર ભાવિન પંડયા સહિત યુનિવર્સિટી સંચાલિત વિવિધ વિભાગોના આચાર્યો અને પ્રાધ્યાપકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## આજે ગાંધીનગરમાં

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન ફુલના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન ફુલન કે હિંડોરડે મેં હિંડોળાના દર્શન યોજાશે.

● પેન્શનર્સ સમાજ દ્વારા બપોરે ૩ કલાકે શેઠ ખીમજી વિસરામ હોલ કડી શિક્ષણ સંકુલ સે-૨૩ ખાતે વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાશે.

● ઋષિવંશી સમાજ સેવા સંઘ તથા સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સવારે ૯ થી ૧૨ ભારતીય કિસાનસંઘ ગુજરાત પ્રદેશ બલરામ પરિસર સે-૧૨-ડી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.

● શ્રી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી ગાંધીનગરની વાર્ષિક સાધારણસભા બપોરે એક કલાકે બાબાસાહેબ આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાશે. સાથે તેજસ્વી તારલાનો સન્માન સમારંભ પણ યોજાશે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **જજમેન્ટલ હૈ કયા** ૯.૪૫, ૧૨,૪૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫
● **અર્જુન પટિયાલા** ૯.૧૫, ૫.૦૦, ૧૦.૦૦
● **ધૂનકી (ગુજરાતી)** સાંજે ૬.૧૫ કલાકે
● **ડીયર કોમરેડ (તેલુગુ)** સાંજે ૭.૨૦ કલાકે
● **ધ લાયન કિંગ** (૨-ડી હિન્દી) સવારે ૧૧.૫૦ કલાકે અને (૩-ડી હિન્દી) ૯.૩૦, ૨.૪૫, ૫.૨૦, ૭.૫૫, ૧૦.૩૦
● **ચાસની** (ગુજરાતી) બપોરે ૨.૧૫ કલાકે
● **સુપર-૩૦** ૯.૨૦, ૧૨.૨૫, ૩.૧૦, ૬.૫૫, ૯.૦૦, ૧૦.૦૦
● **સ્પાઈડર મેન ફાર ફ્રોમ હોમ** (૩ડી હિન્દી) બપોરે ૧૨.૧૫ કલાકે
● **આર્ટીકલ ૧૫** સવારે ૧૧.૩૫ કલાકે
● **કબીરસિંહ** ૯.૧૫, ૩.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **જજમેન્ટલ હૈ કયા** ૯.૨૫, ૧૦.૨૫, ૧૧.૫૫, ૨.૩૦, ૩.૫૦, ૫.૦૫, ૭.૪૦ ૯.૧૫, ૧૦.૧૫
● **અર્જુન પટિયાલા** ૧૦.૨૦, ૧૨.૪૫, ૪.૩૫, ૧૦.૨૫
● **ધૂનકી (ગુજરાતી)** સાંજે ૬.૨૫ કલાકે
● **ડીયર કોમરેડ (તેલુગુ)** સાંજે ૭.૦૦ કલાકે
● **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૯.૧૫, ૧૧.૪૫, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦
● **ચાસની** (ગુજરાતી) બપોરે ૧.૦૦ કલાકે
● **સુપર-૩૦** ૧૦.૧૫, ૧.૨૫, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

## આરાધના વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ દ્વારા Investiture ceremony યોજાઈ



આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી માધ્યમ) (વેદ ગ્રુપ) દ્વારા **Investiture ceremony**' નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સમારંભની શરૂઆત ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. સમારંભના અતિથિને વિદ્યાર્થી પરિષદના વિદ્યાર્થીઓ દ્વારા **Escort** કરીને લાવવામાં આવ્યા હતા. શાળાના ટ્રસ્ટી, આચાર્યશ્રી તથા શિક્ષકો દ્વારા વિદ્યાર્થી લીડરની નિયુકિત કરી તેમને સેસ અને બેજીસ પહેરાવવામાં આવ્યા હતા. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને શપથ લેવડાવી હતી તથા વિદ્યાર્થીઓને પ્રસંગોચિત પ્રવચન આપવામાં આવ્યું હતું. છેલ્લે રાષ્ટ્રગાન સાથે સમારંભની પુર્ણાહુતિ કરવામાં આવી હતી.

## શહેરમાં વરૂણ દેવતાને વિનવણી કરતો પર્જન્ય યજ્ઞ યોજાયો

ગાંધીનગર, તા.૨૭
ચોમાસાની ઋતુ આવતા જ શહેરીજનો વરસાદ લાવવા વરૂણ દેવતાને વિનવણી કરે છે. તેમ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ડૉ.એન.પી. પટેલ દ્વારા સે-૧ મહાકાલેશ્વર મંદિર ખાતે પર્જન્ય યજ્ઞ યોજવામાં આવ્યો હતો.

વરસાદ એ માનવજાત માટે જીવનદાન છે સાથે સાથે સૃષ્ટિને પણ એ તેટલું જ સૌંદર્ય બક્ષે છે. તે સમયસર અને પ્રમાણમાં આવે તે હેતુથી પર્જન્યયજ્ઞમાં ડૉ. એન.પી પટેલ અને તેમના પરિવાર દ્વારા જળના દેવતા વરૂણ અને વરૂણના દેવતા વિષ્ણુ ભગવાન ઈન્દ્ર ભગવાનના નામના મંત્રોથી આહૂતિ આપવામાં



આવી હતી. યજ્ઞની પૂર્ણાહૂતિ શક્રાદય સ્તુતિ કરી શ્રીફળ હોમી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં મંદિર સમિતિ અને શહેરીજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## પૂર્વ મેયર પ્રવિણ પટેલની કાર વિજપોલ સાથે અથડાઈ

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગર મહાનગર પાલિકાના પૂર્વ મેયર પ્રવિણ પટેલની કારને શનિવારના રોજ વહેલી સવારે સેકટર-૧૯ ખાતે અકસ્માત સર્જાયો હતો. પૂર્વ મેયર સ્વીમીંગ કરીને જીમખાનાથી નીકળીને પુનિતવન તરફ વળ્યા હતા. ત્યારે તેમની કાર માર્ગની વચાળે ઉભેલા વીજપોલ સાથે ટકરાઈ હતી. આ અકસ્માતમાં પ્રવિણ પટેલની બે આંગળીમાં ફ્રેકચર થયું હતું. સેકટર-૧૯ જીમખાના અને પુનિતવન વચ્ચેના માર્ગ પર નવિન નંખાયેલા વિજપોલની આસપાસ નાનકડા સર્કલ જેવું કંઈ બનાવાયું નથી, બીજીતરફ થાંભલાની જગ્યા એવી છે કે જીમખાનાથી પુનિતવન તરફ વળતા જ થાંભલો સીધો જ આવી જાય છે. બીજી તરફ રાત્રીના સમયે જો સ્ટ્રીટ લાઈટ બંધ હોય તો આ વિજપોલ કોઈનો જીવ ઝોખમમાં મુકી શકે છે. ત્યારે શહેરના વીવીઆઈપી ગણાતા સેકટર-૧૯ જીમખાનામાં શહેરના નામાંકિત નગરજનો, ડોકટર્સ, વેપારીઓ,રાજકીય અગ્રણીઓ, અધિકારીઓની આવન-જાવન રહે છે. જયારે પુનિતવનમાં પણ દિવસભર નાગરીકોની અવરજવરથી ધમધમી ઉઠે છે. ત્યારે માર્ગની વચ્ચોવચ રહેલા વિજપોલને લઈ તંત્ર સફાળુ જાગે અને યોગ્ય પગલા ભરે તેની રાહ જોવાઈ રહી છે.

## સેકટર-૫ એ ના પંચમુખી મહાદેવ મંદિર ખાતે સુકામેવા ના હિંડોળા

પવિત્ર અષાઢ માસ નિમિત્તે સેકટર-૫-એ ખાતે આવેલ પંચમુખી મહાદેવ મંદિરમાં રાધાકૃષ્ણ મંડળની બહેનો દ્વારા દર વર્ષે કલાત્મક હિંડોળા બનાવવામાં આવે છે. આ વર્ષે પણ રાધાકૃષ્ણ મંડળની બહેનો દ્વારા રાખડી, ફ્રુટ, શાકભાજી, ચોકલેટ તેમજ સુકામેવા વિગેરે વસ્તુઓમાંથી કલાત્મક હિંડોળા બનાવવામાં આવેલ છે. જેના દર્શનનો લાભ ગાંધીનગરની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં લે છે. આ કલાત્મક હિંડોળા બનાવવામાં રાધાકૃષ્ણ મંડળની બહેનો તથા નીરૂબેન નાયક દ્વારા જહેમત ઉઠાવી મંદિર ખાતે વિવિધ ધાર્મિક ઉત્સવોનું ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવે છે.



## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે 'તમારા અધિકાર ને જાણો' અંતર્ગત 'હવે સમાધાન નહિ' વિષય પર વર્કશોપ યોજાયો




ગાંધીનગર, તા.૨૭
તાજેતરમાં સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે આઈટીસી વિવેલ અને જોષ ટોક દ્વારા 'તમારા અધિકાર ને જાણો' અંતર્ગત 'હવે સમાધાન નહિ' વિષય પર ખાસ વર્કશોપ નું આયોજન કરાવમાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વ્યક્તિગત સ્તરે જેન્ડર રિએકટીવ એકશન્સ મજબૂત કરવાની અને પોતાના અધિકારોના વિષે જાણકારી આપીને તેઓ ના આત્મવિશ્વાસ વધારવાનો છે.


આ વર્કશોપમાં દેવ્યાની શર્મા મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા. ઈજનેરી, ડિઝાઈન, ફિઝિયોથેરપી, નર્સિંગ અને હોમિયોપેથીના વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહભેર આ વર્કશોપ માં ભાગ લીધો હતો.

નિમિષ દવે - હેડ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટે કહ્યું કે આ વર્કશોપ દ્વારા, યુનિવર્સિટી માત્ર પ્રેક્ષકોને પ્રેરિત કરવા નથી માગતી, પણ તેમને યોગ્ય કાનૂની સહાય સાથે સજ્જ કરવા માંગે છે જેથી તેઓ તેમના પ્રશ્નોને ઉઠાવવામાં ભવિષ્યમાં અચકાય નહીં. અમારી માન્યતા દેશના યુવાનોના સશક્તિકરણમાં વધારો કરવાની છે.

''અબ સમજોતા નહિ'' (કોઈ વધુ સમાધાન)ના બ્રાન્ડ ફિલોસોફીના ભાગરૂપે આઈટીસી વિવેલે દ્વારા જાતિ-સંવેદનશીલ મુદ્દાઓ પર વધેલી ગુપ્તતા દ્વારા સામૂહિક જાગૃતિ બદલવાના ઉદેશ સાથે 'તમારા અધિકાર ને જાણો' વર્કશોપ રજૂ કર્યો હતો; આ શિક્ષિત વર્કશોપમાંથી મુખ્ય મુદ્દાઓ જેમ કે પોતાના અધિકારોને જાણવાની જરૂરિયાત અને મુખ્ય અધિકારોની વિગત રજૂ કરવાનો પરિચય, જાતિ સમાનતાની કલ્પના અને ઘરેલુ હિંસા તેમ જ જાતીય સતામણી, છૂટાછેડા, એલાઈમોની અને વંશના કાયદેસર અધિકારો અને માળખાંની વિગતો સામેલ થાય છે. સાયબર કાફે જે માં સાયબરસ્ટોકિંગ, દાદાગીરી, ધમકી અને કાયદો તેની વિરૃદ્ધ માં કેટલો કડક છે અને કઈ રીતે કાયદાકીય સહાય ઉપલબ્ધ તે અંગે વક્તા એ સંવાદ કર્યો હતો. વધુમાં, કાયદા દ્વારા આપવામાં આવેલ મંજૂરી અને પોલીસની સંમતિની વ્યાખ્યા વિશે પણ તેઓ એ વિદ્યાર્થીઓ ને માહિતગાર કર્યા હતા.

## નેશનલ સાયન્સ સેમિનારમાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પ્રેઝન્ટેશન રજુ કર્યું

ગાંધીનગર, તા.૨૭
નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા યોજવામાં આવેલ નેશનલ સાયન્સ સેમિનારમાં શ્રી જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ આવર્ત કોષ્ટકમાં રહેલા રાસાયણિક મહત્વની માનવ કલ્યાણ પર અસરો વિષય અંતર્ગત સુંદર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.



નિસર્ગ સાયન્સ સેન્ટર અને આર.જી. ગર્લ્સ સ્કૂલના સંયુકત ઉપક્રમે યોજાયેલા આ સેમિનારમાં અલગ અલગ શાળાના ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શ્રી જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ જ મહેનત કરી સુંદર પ્રેઝન્ટેશન બનાવી સેમિનારમાં રજુ કર્યું હતું. જેમાં અલગ અલગ રાસાયણિક તત્વોની માનવી પર સારી તેમજ ખરાબ અસરો વિશે સુંદર માહિતી આપી હતી. આચાર્યા નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સે. ૨૨ જૈન દેરાસર ખાતે જાહેર પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૭
આજે જૈન દેરાસર સે. ૨૨ ખાતે જૈનાચાર્ય ગુરૂદેવ પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા.ની વાણીમાં મા-બાપ તરીકેની ફરજ વિષય પર જાહેર પ્રવચન સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન યોજાશે. શહેરીજનોને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. દંતાણી અરવિંદભાઈ કાળુભાઈ, ઉ.વ. ૩૬